# વાવોલ-કોલવડા ચોકડીએ અકસ્માતનું જોખમ નિવારવા સર્કલની જરૂરિયાત

## ભારે વાહનો સહિતના સતત જોખમી ટ્રાફિકથી ધમધમતા આ "પાંચ રસ્તા" પર કોઇ મોટો અકસ્માત સર્જાય અને કોઇનો ભોગ લેવાય તે પહેલાં સર્કલ બનાવવું અત્યંત જરૂરી





ગાંધીનગર તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ વાવોલ ખાતે શાલીન સોસાયટી નજીક જોગણીમાતાના મંદિર પાસેના વાવોલ-કોલવડા ચાર રસ્તા જેને કેટલાંક પુન્દ્રાસણ ચોકડી તો બાજુમાં શાલીન ૧,૩,૪,૫ અને ૬ નંબરની સોસાયટીઓ હોવાથી શાલીન ચોકડી તરીકે પણ ઓળખે છે.સતત ટ્રાફિકથી ધમધમતી આ ચોકડીએ પર ભારે વાહનોની અવરજવર ઉપરાંત ચોકડી નજીક અનેક રહેણાંક સોસાયટીઓ આવેલી હોવાથી અહીંના રાહદારીઓ તેમજ સામાન્ય નાના વાહનચાલકો માટે પણ જોખમી સ્થિતિ સર્જાઇ રહી છે. ખાસ કરીને પીક અવર્સ અને શાળાઓ શરૂ થવા છુટવાના સમયે નાના ભૂલકાઓને લઈને શાળાએ ટુ-વ્હિલર્સ પર લેવા મૂકવા જતી મહિલાઓની પાંચ રસ્તાના જંતરમંતરમાં ભારે વાહનો વચ્ચે દયનીય હાલત થાય છે જે ક્યારેક કોઇ ભૂલકાંનો કે તેની માતાનો ભોગ લે તે પહેલાં સર્કલ બનાવાય તે જરૂરી છે.

વાવોલ-કોલવડા ચોકડીએ હકીકતમાં પાંચ રસ્તા ભેગાં થાય છે જેમાં એક "ક" રોડનો એક્સટેન્શન માર્ગ છે, બીજો કોલવડા તરફ જતો માર્ગ, ત્રીજો પુન્દ્રાસણ-ટીંટોડા-કલોલ તરફ જતો માર્ગ, ચોથો શાલીન ૧, ૩, ૪, ૫ અને ૬ આગળ થઈને કિર્તિધામ સોસાયટી તરફથી ઉવારસદ-અમદાવાદ તરફ જાય છે જ્યારે પાંચમો માર્ગ ગ્રીનસિટી સોસાયટીની બાજુમાં થઈને વાવોલ ગામાં તળાવ કાંઠે થઈને રોડ નં.૩ને જોડે છે. આ ચોકડી પર ટ્રાફિકનું ભારણ ખૂબ વધી ગયું છે જેના કારણે અંહી સતત અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે. વાવોલ-કોલવડા પાંચ રસ્તા પાસે જોગણી માતાના મંદિર નજીક સતત ૨૪ કલાક ટ્રાફિકથી ધમધમતો રહે છે. કેમકે અહીંથી એસટી અને લકઝરી બસ ઉપરાંત સે.૨૫ની જીઆઈડીસી તરફથી "ક" માર્ગે આવતાં ટ્રક, ટ્રેલર, ટેક્કર સહિતના ભારે વાહનોની પણ અવિરત અવરજવર રહે છે. વળી ચોકડીની આસપાસના વિસ્તારમાં હવે અનેક રહેણાંક સોસાયટીઓનો વિકાસ થયો હોવાથી સામાન્ય નાગરિકો નોકરિયાતો, ધંધાર્થીઓ ઉપરાંત જેમાં બાળકો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને સિનિયર સિટિઝન નાગરિકોનો પણ સમાવેશ થાય છે તેમના માટે ગાંધીનગર તરફનો આ મુખ્ય માર્ગ છે.

વહેલી સવારથી અહીં મોર્નિંગ વોકર્સથી માંડીને અનેક રાહદારીઓ, સાયકલ અને ટુવ્હિલર્સ ચાલકો સહિતના વાહનચાલકોની આવનજાવન રહે છે.

### ડેપ્યુટી મેયરે સર્કલ બનાવવા પોઝિટિવ પ્રત્યુત્તર આપ્યો

શાલીન-૬ નજીક વાવોલ-કોલવડા ચોકડીએ સતત ભારે વાહનો સહિતના ટ્રાફિકને કારણે સર્જાતી જોખમી પરિસ્થિતિ અંગે સ્થાનિક અગ્રણીઓ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ જેઓ વોર્ડ નં.૭ વાવોલ-કોલવડાના કોર્પોરેટર પણ છે જેથી તેમને મૌખિક રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત અંગે ડેપ્યુટી મેયરે પરિસ્થિતિની ગંભીરતા સમજીને સકારાત્મક અભિગમ દાખવતા આ ચોકડીએ સર્કલના નિર્માણ માટે પોઝિટિવ પ્રત્યુત્તર આપ્યો હતો અને તેમણે આ બાબતે ઝડપથી ઘટતી કાર્યવાહી કરવાની હૈયાધારણ આપી હતી.





આકાશમાં પૂર્ણપણે ખીલેલા ચંદ્રના પ્રકાશમાં ગરબા કરી આનંદ માણવો ગાંધીનગરાઓને ખૂબ ગમે છે. નવરાત્રીની કસર ખેલૈયાઓ શરદપૂર્ણિમાએ પૂર્ણ કરે છે. શરદપૂનમની રાત્રે સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. અગ્રણી હેમરાજ પાડલીયાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ખેલૈયાઓ મન ભરીને ગરબે ઘૂમ્યા હતા.

## સમગ્ર ગુજરાત નાગર પરીષદ સંસ્થા દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

સમગ્ર ગુજરાત નાગર પરીષદ સંસ્થાની ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને સર્જન ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં રક્તદાન શિબિરનું આયોજન શ્રદ્ધાદિપ બ્લડ બેંક કુડાસણ ખાતે કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૩૯ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે સુકેતુભાઈ મહેતાએ ૧૫૦મી વાર અને તરંગભાઈ હાથીએ ૫૫મી વાર રક્તદાન કર્યુ હતું. સમગ્ર ગુજરાત નાગર પરિષદના પ્રમુખ નરેશભાઈ રાજા અને ઉપપ્રમુખ સુભાષભાઈ ભટ્ટે તમામ રક્તદાતાઓનો આભાર માન્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા તરંગભાઈ હાથી, વત્સલભાઈ વોરા, દર્પણભાઈ બુચ અને સુકેતુભાઈ મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે રાષ્ટ્રીય વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ




ગાંધીનગર, તા.૧૩

ગુજરાત સાયન્સ સિટી દ્વારા વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને જતન વિશે નાગરિકોમાં જાગૃતિ લાવવા તા.૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન રાષ્ટ્રીયવન્ય પ્રાણી સપ્તાહ "નેશનલ વાઈલ્ડ લાઈફ વીક"ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ખાસ સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓને વાઈલ્ડ લાઈફ, વન્ય પ્રાણીઓના ખોરાકની આદતો, લુપ્ત થવાના કગાર પર રહેલ પ્રાણીઓનું સંરક્ષણ કેવી રીતે કરવું વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ એકવેટિક ગેલેરીની મુલાકાતની પણ મજા માણી હતી. સાયન્સ સિટીની એકવેટિક ગેલેરી ખાતે વિશ્વભરની ઘણી જળચર પ્રજાતિઓ રાખવામા આવી છે.

યોગ્ય સંવર્ધનના અભાવે દુનિયામાંથી કેટલીય જંગલી પ્રજાતિઓ લુપ્ત થઈ ગઈ છે. નાગરિકોમાં જંગલી પ્રાણીઓના સંરક્ષણના મહત્વ વિશે જાગૃતિ વધે તે હેતુથી સાયન્સ સિટીના નેચર પાર્ક ખાતે લુપ્ત થયેલ પ્રાણીઓની માહિતીસભર પ્રતિકૃતિઓ "સ્કલ્પ્ચર્સ" રાખવામા આવી છે. સામુચિક જીવન - સસ્ટેનેબલ લિવિંગના સિદ્ધાંત થકી ગુજરાત સાયન્સ સિટી જનસમુદાયને વિજ્ઞાન અને ટેકનૉલોજી સાથે જોડવા કાર્યરત છે. યુવા પેઢીને સમુચિક જીવન માટે તૈયાર કરવા ગુજરાત સાયન્સ સિટી દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે.

## ગ્રીન વેલી સ્કુલ ફોર ચિલ્ડ્રનને ડાયનામાઈક સ્કુલનો એવોર્ડ




ગાંધીનગર, તા.૧૩

સામયિક એજ્યુકેશન ટુડે અને એજ્યુકેશન ન્યુઝ નેટવર્ક કે જે ભારતની એક માત્ર એજ્યુકેશન ચેનલ દ્વારા નોર્થ ઈન્ડિયા સ્કુલ મેરીટ એવોર્ડનું દીલ્હીની રેડીસન બ્યુ હોટલમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર દેશમાંથી અંગ્રેજી માધ્યમની લગભગ ૫૫૦ જેટલી સ્કુલોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જે અંતર્ગત અમદાવાદ ગાંધીનગરની એકમાત્ર ગ્રીન વેલી સ્કુલ ફોર ચિલ્ડ્રનને ડાયનામાઈક સ્કુલ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ડીરેકટર નિલેશભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા.



સે ૧૩બી ખાતે સિનિયર સિટીઝન પરિવારે ઉછરેલ વૃક્ષોની જગ્યા "નંદનવન " ખાતે વડીલોએ સપરિવાર શરદપૂર્ણિમા ઉજવવાનું આયોજન કર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હવે વડીલો દ્વારા નંદનવન-૨ વિકસાવાઈ રહ્યું છે જેમાં વાવેલ ૬૦ વૃક્ષોની માવજત કરવામાં આ પરિવારોને પણ સહભાગી બનાવ્યાં છે.

## ગજાનન સેવા સમિતિ દ્વારા સિલાઈ મશીનનું વિતરણ

ગાંધીનગર, તા.૧૩

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના હિંમતપુર તથા વાઘપુર ગામની પાંચ વનવાસી બહેનોને હાથથી ચલાવવાનાં સિલાઈ મશીન આપવામાં આવ્યા હતા. લાભાર્થીની દીકરીઓને સીલાઈ કરતાં આવડે છે પ્રત્યેકને કાતર, દોરા, કાપડ આપ્યા હતા. સંગનીતાના દિનેશસિંહ ચાવડા તરફથી સિલાઈ મશીન મળ્યા હતા. સમિતિ તરફથી ભીમજીભાઈ ગામેતી, મિલીંદભાઈ, ઉમેશભાઈ હાજર રહયા હતા.

